Wednesday
01.03.2023
વિશ્વાસથી વિકાસ યાત્રા
✳Volume :7 ✳ Issue No.211
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રીએ 'ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઈઝ ઓફ લિવિંગ' વિષય પર યોજાયેલા અંદાજપત્ર પછીના વેબિનારમાં સંબોધન કર્યું

"આજે લોકો સરકારને અવરોધ તરીકે જોતા નથી; તેના બદલે, લોકો અમારી સરકારને નવી તકો માટે ઉત્પ્રેરક તરીકે જુએ છે. ઓક્ક્સપણે, ટેકનોલોજીએ આમાં ઘણી મોટી ભૂમિકા નિભાવી છે"

"આજે સરકારની નીતિઓ અને નિર્ણયોની જ્યાં સૌથી વધુ જરૂર છે ત્યાં તેની સકારાત્મક અસર દેખાઇ રહી છે"

નાગરિકો સરળતાથી સરકાર સુધી પોતાના અભિપ્રાયો પહોંચાડી શકે છે અને તરત જ તેનો ઉકેલ મેળવી શકે છે" :પ્રધાનમંત્રી શ્રી

"સમાજ સાથે વિશ્વાસ દૃઢ કરવા માટે આપણે વૈશ્વિક શ્રેષ્ઠ આચરણોમાંથી શીખવાની જરૂર છે"

"અમે ભારતમાં આધુનિક ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી રહ્યાં છીએ અને ડિજિટલ ક્રાંતિના લાભો સમાજના દરેક વર્ગ સુધી પહોંચે એવું પણ સુનિશ્ચિત કરી રહ્યાં છીએ"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 'ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઈઝ ઓફ લિવિંગ' વિષય પર યોજવામાં આવેલા અંદાજપત્ર પછીના વેબિનારમાં સંબોધન આપ્યું હતું. કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૩માં જાહેર કરવામાં આવેલી પહેલોના અસરકારક અમલીકરણ માટે વિચારો અને સૂચનો મેળવવાના ઉદ્દેશથી સરકાર દ્વારા અંદાજપત્ર પછીના ૧૨ વેબિનારની શ્રેણીનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેમાંથી આ પાંચમો વેબિનાર યોજાયો હતો. આ વેબિનારમાં સંબોધન આપતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ૨૧મી સદીનું ભારત સતત પોતાના નાગરિકોને ટેકનોલોજીના ઉપયોગથી સશક્ત બનાવી રહ્યું છે. તેમણે એ વાત પણ રેખાંકિત કરી હતી કે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં દરેક અંદાજપત્રમાં ટેક્નોલોજીની મદદથી લોકો માટે ઈઝ ઓફ લિવિંગ સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ વર્ષના અંદાજપત્રમાં ટેક્નોલોજી અને માનવીય સ્પર્શને પ્રાથમિકતા આપવામાં આવી છે. પ્રધાનમંત્રીએ અગાઉની સરકારો દ્વારા આપવામાં આવેલી પ્રાથમિકતાઓમાં રહેલા વિરોધાભાસ પર પ્રકાશ પાડતા યાદ કર્યું હતું કે, એ સમયમાં કેવી રીતે લોકોનો એક ચોક્કસ વર્ગ હંમેશા સરકારી હસ્તક્ષેપ પર નજર રાખતો હતો અને તેનાથી લોકોનું કલ્યાણ થવાની અપેક્ષા રાખવામાં આવતી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, જો કે, આ સુવિધાઓના અભાવમાં તેમનું આખું જીવન વીતી જતું હતું. તેમણે લોકોના બીજા એક વર્ગ પર પણ પ્રકાશ પાડ્યો હતો કે જે આગળ વધવા માંગતા હતાં પરંતુ દબાણ અને સરકારી હસ્તક્ષેપ દ્વારા ઉભા કરવામાં આવેલા અવરોધો દ્વારા તેઓને નીચે ખેંચી જવામાં આવતા હતા. પ્રધાનમંત્રીએ જે ફેરફારો કરવામાં આવ્યા છે તેની નોંધ લીધી અને જણાવ્યું હતું કે, નીતિઓની સકારાત્મક અસરો એવી પરિસ્થિતિઓમાં જોવા મળી છે જ્યાં જીવનને સરળ બનાવતી વખતે અને ઈઝ ઓફ લિવિંગમાં વધારો કરતી વખતે તેની અત્યંત જરૂરિયાત છે. તેમણે એવું પણ નોંધ્યું હતું કે, સરકારી હસ્તક્ષેપમાં હવે ઘટાડો થયો છે અને નાગરિકો સરકારને અવરોધ તરીકે નથી માનતા. પ્રધાનમંત્રીએ આગળ કહ્યું હતું કે, તેના બદલે, નાગરિકો સરકારને હવે ઉત્પ્રેરક તરીકે જોઈ રહ્યા છે જ્યાં ટેકનોલોજીએ ઘણી મોટી ભૂમિકા નિભાવી છે. પ્રધાનમંત્રીએ એક રાષ્ટ્ર, એક રેશન કાર્ડ અને JAM (જન ધન-આધાર- મોબાઈલ) ટ્રિનિટી, આરોગ્યસેતુ તેમજ કોવિન (Co-WIN) એપ, રેલવે આરક્ષણ અને સામાન્ય સેવા કેન્દ્રોના ઉદાહરણો આપીને આમાં ટેકનોલોજીની ભૂમિકા વિશે વિગતવાર વર્ણન કર્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ નિર્ણયોથી સરકારે નાગરિકો માટે ઈઝ ઓફ લિવિંગમાં વધારો કર્યો છે. પ્રધાનમંત્રીએ સરકાર સાથે સંવાદની સરળતા (ઈઝ ઓફ કમ્યુનિકેશન) વિશેની લોકપ્રિય લાગણી પર પણ પ્રકાશ પાડ્યો હતો કારણ કે, હવે સંવાદ સરળ બન્યો છે અને લોકોને ઝડપી નિરાકરણો મળી રહ્યા છે. તેમણે આવકવેરા પ્રણાલી સંબંધિત ફરિયાદોના ફેસલેસ નિરાકરણ ના ઉદાહરણોનો ઉલ્લેખ કર્યો હતો તેમણે જણાવ્યું હતું કે, "હવે તમારી ફરિયાદો અને નિવારણ વચ્ચે કોઈ વ્યક્તિ નથી, પરંતુ માત્ર ટેકનોલોજી જ છે". પ્રધાનમંત્રીએ વિવિધ વિભાગોને તેમની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે અને વૈશ્વિક ધોરણો સુધી પહોંચવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવા વિશે સામૂહિક રીતે વિચારવા જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, "એક ડગલું આગળ વધીને, આપણે એવા ક્ષેત્રોને ઓળખી શકીએ છીએ કે જ્યાં સરકાર સાથે સંવાદને વધુ સરળ બનાવી શકાય છે". પ્રધાનમંત્રીએ મિશન કર્મયોગીના મુદ્દાને સ્પર્શ કર્યો હતો અને માહિતી આપી હતી કે, સરકારી કર્મચારીઓને વધુ લોક કેન્દ્રિત બનવાના ઉદ્દેશથી તાલીમ આપવામાં આવી રહી છે. તેમણે તાલીમ પ્રક્રિયાને અપડેટ કરતા રહેવાની જરૂરિયાત પર પણ ખાસ ભાર મૂક્યો હતો અને એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, નાગરિકોના પ્રતિસાદના આધારે ફેરફારો કરીને, નોંધપાત્ર સુધારો જોવા મળી શકે છે. પ્રધાનમંત્રીએ એવી પ્રણાલીનું નિર્માણ કરવાનું સૂચન કર્યું હતું કે, જ્યાં તાલીમમાં સુધારો કરવા માટે સરળતાથી પ્રતિસાદ સબમિટ કરી શકાય. પ્રધાનમંત્રીએ ટેકનોલોજી દ્વારા દરેકને પ્રદાન કરવામાં આવતી સમાન તકો પર પ્રકાશ પાડ્યો હતો અને જણાવ્યું હતું કે, સરકાર ટેકનોલોજીમાં મોટા પ્રમાણમાં રોકાણ કરી રહી છે. સરકાર, આધુનિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવાની સાથે સાથે એવું પણ સુનિશ્ચિત કરી રહી છે કે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ દરેક નાગરિક સુધી સમાન રીતે પહોંચે. તેમણે ગૈસ પોર્ટલ વિશે વાત કરીને આ સમજાવ્યું હતું. આ પોર્ટલ સરકાર દ્વારા કરવામાં આવતી ખરીદીમાં નાના વેપારીઓ અને શેરી પરના વિક્રેતાઓને પણ ઉપસ્થિત રહેવાની સવલત આપે છે. એવી જ રીતે, ઈ-છપ્પરની મદદથી ખેડૂતો વિવિધ સ્થળોએ ખરીદદારો સાથે જોડાઈ પણ શકે છે. પેટ અને AIનો સંદર્ભ ટાંકીને તેમજ ઉદ્યોગ, દવા, શિક્ષણ અને કૃષિ પર તેમની અસરનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ કેટલાક લક્ષ્યો નક્કી કરવાની જરૂરિયાત પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે સામાન્ય નાગરિકોના કલ્યાણ માટે આ ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરી શકાય અને ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવા વિશે પણ કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે, "શું આપણે સમાજની એવી ૧૦ સમસ્યાઓને ઓળખી શકીએ કે જેનો ઉકેલ AI દ્વારા લાવી શકાય". પ્રધાનમંત્રીએ સરકારમાં ટેકનોલોજીના ઉપયોગના ઉદાહરણો આપીને એવી સંસ્થાઓ માટે ડિજીલોકર સેવાઓના મુદ્દાને સ્પર્શ કર્યો હતો કે જ્યાં કંપનીઓ અને સંસ્થાઓ તેમના દસ્તાવેજોને સંગ્રહિત કરી શકે છે અને સરકારી એજન્સીઓ સાથે તે દસ્તાવેજોને શેર પણ કરી શકે છે. તેમણે આ સેવાઓનું વિસ્તરણ કરવા માટે નીતો શોધવાનું સૂચન પણ કર્યું હતું જેથી કરીને વધુમાં વધુ લોકો આ સેવાનો લાભ લઈ શકે. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, વિતેલા કેટલાંક વર્ષોમાં MSMEને સહકાર આપવા માટે સંખ્યાબંધ મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે અને MSMEને જે અવરોધોને સામનો કરવો પડે છે તેને ઓળખી કાઢવા માટે તેમજ તેના પર વિચાર કરવાની જરૂરિયાત પર તેમણે ભાર મૂક્યો હતો. વ્યવસાયના દૃષ્ટિકોણથી જોવામાં આવે તો સમય એ નાણાં છે, તે વાત પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ નાના ઉદ્યોગો માટે અનુપાલન સંબંધિત ખર્ચમાં ઘટાડો કરવા માટે સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયાસો તરફ સૌનું ધ્યાન દોર્યું હતું. સરકારના આ પ્રયાસોથી સમયની બચત થાય છે. બિનજરૂરી અનુપાલનની યાદી બનાવવાનો આ સાચો સમય છે કારણ કે સરકારે ભૂતકાળમાં ચાલીસ હજારથી વધુ ઉપકરણોનો અંત લાવી દીધો છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, "સરકાર અને લોકો વચ્ચે વિશ્વાસનો અભાવ એ ગુલામીની માનસિકતાનું પરિણામ છે" અને તેમણે એ બાબતે ધ્યાન દોર્યું હતું કે, સરકારે નાના ગુનાઓનું નિરાપરાધીકરણ કરીને અને MSMEને લોન લેવા માટે તેમના ગેરેન્ટર બનીને નાગરિકોનો વિશ્વાસ કરી પાછો મેળવ્યો છે. તેમણે સરકાર અને નાગરિકો વચ્ચે વિશ્વાસ કેળવવા માટે અન્ય દેશોમાં હાથ ધરવામાં આવેલા વિવિધ કાર્યો વિશે દુનિયાભરની શ્રેષ્ઠ પદ્ધતિઓમાંથી અનુભવ મેળવવા પર પણ વિશેષ ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ ટેકનોલોજીની ભૂમિકા પર પ્રકાશ પાડતા સૌનું ધ્યાન દોર્યું હતું કે, ટેકનોલોજી એવા તૈયાર ઉત્પાદન બનાવવામાં મદદ કરી શકે છે, કે જે વૈશ્વિક બજાર પર કબજો જમાવવામાં મદદરૂપ થઈ શકે તેમ હોય. તેમણે એવું પણ સૂચન કર્યું હતું કે, કોઈપણ વ્યક્તિએ પોતાને માત્ર ઈન્ટરનેટ અને ડિજિટલ ટેકનોલોજી સુધી સીમિત ન રાખવા જોઈએ. પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનનું સમાપન કરતી વખતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, અંદાજપત્ર અથવા કોઈપણ સરકારી નીતિ કેટલી સારી રીતે તૈયાર કરવામાં આવે છે તેના પર તેની સફળતા નિર્ભર રહેવી હોય છે. પરંતુ, આમાં લોકોનો સહકાર પણ મહત્વ હોવાની વાત પર તેમણે પ્રકાશ પાડ્યો હતો. ભારતના પ્રતિભાશાળી યુવાનો, કૌશલ્યવાનમાનવબળ અને ગામડાંઓમાં ટેકનોલોજી અપનાવવાની ઈચ્છાનો ઉલ્લેખ કર્યો હતો અને તેમાંથી મહત્તમ લાભ મેળવવાનામાર્ગોશોધીકાઢવાનું સૂચન પણ કર્યું હતું. પ્રધાનમંત્રીએ સંબોધનના સમાપનમાં કહ્યું હતું કે, "અંદાજપત્રમાંથી મહત્તમ લાભ કેવી રીતે મેળવવો તે અંગે તમારે અવશ્ય ચર્ચા કરવી જોઈએ".

"સરકાર અને લોકો વચ્ચે વિશ્વાસનો અભાવ એ ગુલામીની માનસિકતાનું પરિણામ છે"

આવાસ યોજનાના ૭૭ લાભાર્થીઓને વર્કઓર્ડર અપાયા

કમલમ્ ન્યુઝ,મહેસાણા

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) વર્ષ ૨૦૨૨-૨૩ અંતર્ગત મહેસાણા તાલુકા પંચાયતમાં મહેસાણાના ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ દ્વારા લાભાર્થીઓને વર્ક ઓર્ડર વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ૭૭ વધારે લાભાર્થીઓને વર્ક ઓર્ડર મુકેશભાઈ દ્વારા આપવામાં આવ્યા હતા..જેમાં તાલુકા પ્રમુખ ચંદ્રકાંતભાઈ પટેલ મહામંત્રીશ્રી પ્રકાશભાઈ પટેલ તથા તાલુકા પંચાયતના પ્રમુખ ભોગીલાલ પટેલ અને તાલુકા ડેવિકેટશ્રીઓ તથા તાલુકા પંચાય તના અધિકારીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા..

નેહરુ યુવા કેન્દ્ર દ્વારા ૧ એપ્રિલથી ૩૧ મેસુધી "YUVA SAMVAD- India @2047" કાર્યક્રમનું આયોજન

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ, ભારતની આઝાદી કા અમૃત મહોત્સવ-આઝાદીનું ૭૫મું વર્ષ અને તેના લોકોની, સંસ્કૃતિ અને સિદ્ધિઓના ગૌરવશાળી ઈતિહાસની ઉજવણી અને સ્મરણ કરી રહ્યું છે. પીએમ શ્રી નરેન્દ્ર મોદીજીએ ભારતના સ્વતંત્રતા દિવસના સંબોધનમાં પણ પંચ પ્રણના મંત્રની જાહેરાત કરી હતી. આ સંદર્ભમાં, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય અને તેની સ્વાયત્ત સંસ્થા નેહરુ યુવા કેન્દ્ર સંગઠન (NYKS), ૧ એપ્રિલથી ૩૧મી મે, ૨૦૨૩ સુધી દેશભરના તમામ જિલ્લાઓમાં સમુદાય આધારિત સંસ્થાઓ (CBOs) દ્વારા "YUVA SAMVAD- India @2047" કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે. રસ ધરાવતી સમુદાય આધારિત સંસ્થાઓ કોઈ રાજકીય પૃષ્ઠભૂમિ ન હોવી જોઈએ અને કોઈ ગુનાહિત ઈતિહાસ પણ ન હોવો જોઈએ. સમગ્ર ગાંધીનગર જિલ્લામાં ૩ કાર્યક્રમોનું આયોજન કરવા માટે કુલ ૩ સમુદાય આધારિત સંસ્થાની પસંદગી કરવામાં આવશે. રસ ધરાવનાર સમુદાય આધારિત સંસ્થા નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગરની ઓફિસમાંથી અરજી ફોર્મ મેળવી શકે છે અથવા મોબાઈલ નંબર ૯૪૨૭૫૮૩૩૨૨ પર સંપર્ક કરી શકે છે.

કમલમ્ ન્યુઝ,

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં જિલ્લા ક્ષય અધિકારી ડોક્ટર દિપક પરમાર તેમજ નગરપાલિકાના સભ્ય શ્રી બાદલભાઈ હુંબલ, નિલેશભાઈ વિઠલાણી, દેવાયતભાઈ ઝાલા દ્વારા ૩૦ ટીબીના દર્દીને ન્યુટ્રીશન કીટનું વિતરણ કરવામાં આવેલ. જેમાં સિવિલ હોસ્પિટલના અધિકારી તેમજ ટીબી યુનિટના સ્ટાફ નાવેદભાઈ તથા હરિભાઈ પણ હાજર રહ્યા હતાં.

કમલમ્ ન્યુઝ,

પી.એમ.પોષણ યોજના અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના તાલુકાઓમાં માસ્ટર ટ્રેનરો દ્વારા મધ્યાહ્ન ભોજન યોજનાના માનદવેતન ધારકોને વહિવટી, હિસાબી, ન્યુટ્રીશન તથા મેન્યુ અનુસારના ભોજન ની વાનગી બનાવવાની પદ્ધતી બાબતે પદ્ધતિસરની તાલીમ આપવામાં આવી હતી. જેમાં પોષણયુક્ત મિલેટ્સ વાનગીઓ સહિતની પરંપરાગત વાનગીઓનો પણ સમાવેશ થતો હતો.

તંત્રી સ્થાનેથી.....

મુન્દ્રા તાલુકાના પત્રી ગામે તારીખ ૨૭/૦૨/૨૦૨૩ના રોજ આયોજિત તાલુકા કક્ષા પશુપાલન શિબિરનો ૩૦૦ જેટલા પશુપાલકોએ લાભ લીધો હતો. આ શિબિરમાં વૈજ્ઞાનિક ઢબે પશુપાલન, સ્વચ્છ દૂધ ઉત્પાદન, પશુપાલન વ્યવસાયની અર્થવ્યવસ્થા, સરકારશ્રીની સહાયકારી યોજનાઓ, પશુઓમાં થતા વિવિધ રોગો અને તેની સારવાર, રસીકરણ, કૃમિનાશક દવાઓ, પશુ સંવર્ધન અને પશુ માવજત વગેરે જેવા મુદ્દે પશુપાલકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત કચ્છના કારોબારી ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ગઢવી તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી શિબિરનો શુભારંભ કરવામાં આવ્યો હતો. કારોબારી ચેરમેન શ્રી ગઢવીએ કચ્છની ગૌ સંસ્કૃતિનું મહત્વ સમજાવી વૈજ્ઞાનિક પોરણે પશુપાલન કરવા માટે પશુપાલકોને જણાવ્યું હતું તેમણે કહ્યું હતું કે વેદના અને સંવેદના બંને અનુભવી અને મુંગા પશુઓની જે ભાષા સમજી શકે તે સાચો પશુપાલક કહી શકાય. નાયબ પશુપાલન નિયામક ડો. હરેશ એમ. ઠક્કરે પશુપાલનની અર્થવ્યવસ્થા, પશુપાલન ખાતાની સહાયકારી યોજનાઓ વગેરેની વિસ્તૃત માહિતી આપી પશુપાલકોને તેનો લાભ લઈ પશુપાલન વ્યવસાયને વધારે નફાકારક બનાવવા માટે જણાવ્યું હતું. વેટરનરી ફાર્મા ક્લિનિકના ડો. ગિરીશ પરમારે નફાકારક પશુપાલન માટેના સોનેરી સૂત્રો જણાવ્યા હતા. માંડવીના ડો.આર. ડી. પટેલે અન્ય જિલ્લાઓ પ્રમાણે કચ્છ જિલ્લામાં પણ આ વ્યવસાયને વિકસાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું. ડો. મહેન્દ્રસિંહ ચૌહાણે પશુ આરોગ્ય, પશુ માવજત વગેરે મુદ્દે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. સરહદ ડેરીના ડો. લાલાણીએ સ્વચ્છ દૂધ ઉત્પાદન અને પ્રાકૃતિક સારવાર પદ્ધતિ વિશે વિગતો આપી હતી.

ડાંગના આંગણે યોજાઈ રહેલા 'ડાંગ દરબાર'ની તારીખ અને તવારીખ

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

પ્રત્યેક ડાંગીજન ની નસ નસમા વ્યાપ્ત "ડાંગ દરબાર"ની શાહી સવારી આહવાના આંગણે પધારી રહી છે, ત્યારે ઈતિહાસના પાનાઓ ઉપર અંકિત 'ડાંગ' અને 'ડાંગ દરબાર'ની તારીખ અને તવારીખ ઉપર, નજર ફેરવવી પ્રાસંગિક લેખાશે.ઈ.સ.૧૮૪૨ સુધી ડાંગમા ભીલ રાજાઓ અને નાયકો રાજ કરતા હતા. તે સમયે એટલે કે સને ૧૮૪૨મા, ડાંગના જંગલના પટા બ્રિટીશરોએ મેળવ્યા. આ પટા પેટે જંગલના અધિકારપત્રો પણ ભીલ રાજા, નાયકોએ બ્રિટિશરોને સુપ્રત કર્યા. જેના બદલામા ભીલ રાજાઓને કેટલાક આબકારી હક્કો, હળપટ્ટીના રૂપમા જમીન મહેસુલ, પશુધન માટે ઘાસચારાની તથા બીજી પેદાશ ભથ્થાની વાર્ષિક રકમ, બ્રિટિશરો તરફથી રાજાઓને મળતી. આ અછણી રકમ, દર વર્ષે રાજવીઓ, નાયકો, અને તેમના ભાઉબંધોને ડાંગી પ્રજાજનોનો 'દરબાર' ભરીને, બ્રિટિશ હુકુમત તરફ થી આપવામા આવતી. આ 'દરબાર' યોજવા પાછળનો બ્રિટિશરોનો મુખ્ય આશય ડાંગી રાજાઓ, નાયકો, ભાઉબંધો, અને તેમની પ્રજા એક જ છત્ર નીચે એકત્ર થાય, અને બ્રિટિશ સત્તા માટે તેમના મનમા સદભાવના અને વ્યવહારભાવના કેળવાય તે હતો. એક સદી પહેલા યોજાતા 'દરબાર' ના પ્રસંગો ખુબ જ વિશિષ્ટ રીતે ઉજવાતા. રંગબેરંગી પોશાકોમા સજ્જ રાજવી પરિવાર, ભાઉબંધો, નાયકો, બે થી ત્રણ દિવસો સુધી અહી પડાવ રાખીને રહેતા, અને મેળામા મ્હાલતા. બ્રિટિશ પોલીટીકલ એજન્ટના હાથે સાલિયાણુ મેળવવુ એ ઘણુ માનભર્યું સમજતા. ઈ.સ. ૧૮૩૬/૩૭મા રાણી

વિક્ટોરિયાનો ભારતના મહારાણી તરીકે રાજ્યાભિષેક થયો, તે વખતે ધૂળિયા (હાલનુ મહારાષ્ટ્ર)મા દરબાર યોજાયો હતો. ત્યાર પછી પીપળનેર, પીપ્લાઈટદેવી, અને શિરવાડામા પણ દરબાર યોજવાનો ઉલ્લેખ જોવા મળે છે. સને ૧૯૦૦ના મે માસમા વઘઈ ખાતે પણ દરબાર યોજાયો હતો. આ દરબાર મા રાજવીઓને શિરપાવ અપાતો. નાયકો, ભાઉબંધો અને પોલીસ પટેલોને પણ જંગલમા લાગતી આગ નિવારણની કામગીરી સાથે બીજા સારા કામો માટે બક્ષીસો અપાતી.સને ૧૯૧૦મા પીમ્પરીના નાયકને જંગલ ખાતાની ઉપ્પોગી સેવાઓ બદલ એક બંદુક બક્ષિસમા આપવામા આવી હતી. તેજ વરસે સારી જ્ઞાતના પાક ઉત્પાદન માટે પણ કેટલાક પોલીસ પટેલોને ચાંદીના કડા બક્ષીસરૂપે આપવામા આવ્યા હતા. સને ૧૯૧૧મા ચિચલી-ગડદના નાયકને બ્રિટિશ સરકાર પ્રતિ વફાદાર રહેવા બદલ સોનાની વીંટી (અંગુઠી) આપવામા આવી હતી. સને ૧૯૧૩ના 'ડાંગ દરબાર'મા ખુબ જ મોટી સંખ્યામા લોકો હાજર રહ્યા હતા. તે વખતે ગાઢવી, પિંપરી, દહેર, ચિંચલી, કિરલી, અને વાસુરણા ના રાજાઓ, તથા ગાઢવી રાજ પરિવારના એક વયોવૃદ્ધ વડીલને "દિલ્હી દરબાર" તરફથી ખાસ "ચંદ્રકો" પણ એનાયત કરાયા હતા. સને ૧૯૧૪મા ડાંગના ભીલ રાજાઓએ બ્રિટિશ હુકુમત સામે બળવો પોકાર્યો હતો. સને ૧૯૧૫મા બળવામા ભાગ લેનાર રાજા, નાયકોને દંડ કરાયો હતો. જ્યારે જેમણે આ બળવામા ભાગ લીધો ન હતો તેમને ચાંદીના ઘરેણા, અને રોકડ રકમ આપવામા આવી હતી. ત્યારબાદ પ્રતિવર્ષ "ડાંગ દરબાર" વિનાવિઘ્ને ભરવામા આવતો હતો. સને ૧૯૩૫મા ભરાયેલો ડાંગ દરબાર વિશિષ્ઠ પ્રકારનો હતો. આ દરબારને "રૌપ્ય મહોત્સવ" તરીકે ઉજવવામા આવ્યો હતો. આ દરબારમા રોકડ રકમ સહીત શિરપાવની પણ વર્ષેચણી કરાઈ હતી. સને ૧૯૪૭ સુધી ત્રણ વખત "ડાંગ દરબાર" આહવા ખાતે યોજાયો હતો. સને ૧૯૪૮મા ડાંગનુ ભારતમા વિલીનીકરણ થયુ. તેમ છતા "ડાંગ દરબાર" પ્રતિવર્ષ ભરવાની પ્રથા ચાલુ રહી. સને ૧૯૫૪ થી મુંબઈ સરકારે રાજાઓ, નાયકો, અને ભાઉબંધોને પેશગી આપવાની પ્રથામા ફેરફાર કરી, તેમના મૂળ હકોના બદલામા તેમને વંશપરંપરાગત "પોલીટીકલ પેન્શન" (રાજકીય પેન્શન) આપવાનુ શરૂ કર્યું. જે પરમ્પરા આજદિન સુધી ચાલી રહી છે. સને ૧૯૫૪ થી આજદિન સુધી આહવા ખાતે જ "ડાંગ દરબાર" યોજાતો આવ્યો છે. સને ૨૦૨૦મા "કોરોના"નો પ્રવેશ ભારત દેશમા થતા ડાંગ દરબારના ઉદ્ઘાટન સમારોહમા પ્રતિવર્ષ પધારતા રાજ્યપાલશ્રી આવી શક્યા ન હતા. માત્ર પ્રભારી મંત્રીશ્રીના હસ્તે કોરોનાની હદેશત વચ્ચે સમારોહ આજદિન સુધી ચાલી રહી છે. સને ૨૦૨૧મા ફરી એક વાર "કોરોના"નો ડોળો "ડાંગ દરબાર"ને ફરવી ગયો હતો. ભાનીગળ લોકમેળો રદ થવા સાથે પોલીટીકલ પેન્શન પણ કલેક્ટરશ્રીની ચેમ્બરમા ખુબ જ સાદગીપૂર્ણ રીતે અર્પણ કરાયુ હતુ.

ડાંગ દરબાર શરુ થાય તે પહેલા એકાદ સપ્તાહ અગાઉથી જ બજાર/હાટ, મેળો ભરાવાનુ શરુ થાય છે. ડાંગના પ્રજાજનો અહીંથી રોજબરોજની ચીજવસ્તુઓની ખરીદી કરતા હોય છે. રંગ પંચમી પછી દરબારની ભીડ, અને હોળીનો ઉત્સાહ ઓસરતો જાય છે. પરંતુ આ તહેવારના મીઠાસભરી સ્મૃતિઓ આખુ વર્ષ લોકમાનસ ઉપર છવાયેલી રહે છે. રામાયણનુ દંડકારણ્ય એટલે આજનો ડાંગ જિલ્લો. ભગવાન શ્રી રામચંદ્રજી અને શબરીમાતાની મુલાકાતની ઈતકથા સાથે જોડાયેલા શબરીધામ, અને પંપા સરોવર સહિત સમગ્ર ડાંગ પ્રદેશનો ઉલ્લેખ, મહાભારતકાળની ઘટનાઓ સાથે પણ થતો રહ્યો છે. પાંડવો જ્યારે અજ્ઞાતવાસમાં હતા, ત્યારે અહીં ડાંગના જંગલોમાં આવેલી પાંડવા ગામની ગુફામાં તેમણે આશ્રય લીધો હોવાની પણ વાયકા છે. તો શ્રી હનુમાનજીની માતા અંજનીદેવીનો ગામ તરીકે ઓળખાતુ અંજનકુંડ, અને શ્રી હનુમાનજીનું જન્મ સ્થળ પણ અહીં જ હોવાનું સ્થાનિક લોકો દ્રઢપણે માને છે. રામાયણમાં જે પંચવટી પ્રદેશનો ઉલ્લેખ થયો છે, તે પાડાશી નાશિક અને ત્રંબકેશ્વરનો વિસ્તાર હોવાનું આપણે સૌ જાણીએ છીએ.હજજારો વર્ષોની સાંસ્કૃતિક વિરાસત કાળના ગર્ભમાં ધરબીને બેઠેલા ઐતિહાસિક ડાંગ જિલ્લાની ડાંગી પ્રજા ખુબ ઝનૂની હોવા સાથે માયાળુ, અને અતિથિ દેવો ભવની ઉચ્ચતમ ભારતીય સંસ્કૃતિના આદર્શને વરેલી છે. તીર કામઠા જેનુ મુખ્ય શસ્ત્ર હતુ તેવી મૂળ ડાંગી આદિવાસી પ્રજા, અને ડાંગ પ્રદેશની ચોથ ઉઘરાવવાની જવાબદારી ઈ.સ.૧૬૬૪માં, શિવાજી મહારાજે ડાંગની સરહદે આવેલા બાગલાણ પ્રદેશના સાલેર-મૂલ્હેરના (હાલનું મહારાષ્ટ્ર) પેશ્વાને સોંપી, અને સાલેરના કિલ્લાની રખેવાળી પોતાના સરદાર ત્રિમાલને સોંપી હોવાના ઉલ્લેખ જોવા મળે છે. મરાઠાઓ વચ્ચે પેશ્વાની ગાદી માટે ખેંચતાણ શરૂ થઈ ત્યારે, ડાંગ સહિત આસપાસના ભીલ તથા અન્ય આદિવાસી પ્રજાજનોએ ટોળકીઓ બનાવી લૂંટફાટ શરૂ કરી હતી. તેમના આ ઉપદ્રવને નાથવા માટે ઈ.સ.૧૭૫૧માં શ્રી દામાજી ગાયકવાડે આદિવાસી આગેવાનોને કેટલીક જમીન ઈનામમાં આપી. ઈ.સ.૧૭૩૦માં ગાયકવાડ સરકારના પ્રતિનિધિ શ્રી ગોવિંદ વાસુદેવ, અને તેમના પત્નિ ગહિનાબાઈ નિયમિતપણે ડાંગ પ્રદેશમાં વાટાઘાટો માટે આવતા જતા રહેતા હતા. તે વખતે ડાંગના ભીલ રાજાઓએ હાથગઢ (મહારાષ્ટ્ર)ના કિલ્લામાં તેમને કેદ કર્યા હતા. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ભીલ રાજાઓ અતિ બળવાન બની ગયા હતા. ડાંગ પ્રદેશ એ વખતે બળવાખોરોની ભૂમિ તરીકે ઓળખાવા લાગી હતી.ડાંગ પ્રદેશ ઉપર પેશ્વાઓ કાળ દરમિયાન અનેક મુસલમાન સરદારો આવી, અને ગઈ. ઈ.સ.૧૮૧૮માં બ્રિટિશરોએ ડાંગમાં પ્રવેશીને ભીલ રાજાઓ, તથા ડાંગી પ્રજાને નમાવવા માટેના પ્રયાસો શરૂ કર્યા. બ્રિટિશરોએ અહીંની પ્રજાને ભરપૂર અનાજ આપીને લાલચ આપવાના પ્રયાસો કર્યા. ઈ.સ.૧૮૫૭ના બળવાની અસર પણ આ નાનકડા ડાંગ પ્રદેશ ઉપર પણ થાય તેમ થતી. બ્રિટિશ શાસકો ડાંગના અતિ કિંમતી એવા સાગના ઈમારતી જંગલો તરફ આકર્ષાયા હતા. બ્રિટિશરોના મનસૂબા પાર પાડવામાં અડચણરૂપ લાગતા ડાંગના ભીલ રાજાઓ, અને પ્રજાનું નામોનિશાન મીટાવવા માંગતા બ્રિટિશરોના રાજમાં અહીં અનેક હુલ્લડો થયા. છેવટે સને ૧૮૪૨/૪૩માં ડાંગનું જંગલ ડાંગી રાજાઓ પાસેથી પડેું લેવાનુ બ્રિટિશરોએ નક્કી કર્યું, અને ભીલ રાજાઓને તે વખતે વાર્ષિક બાર હજાર, બસોને ત્રીસ (રૂા.૧૨,૨૩૦/-) આપવાનું ઠરાવાયુ. સને ૧૯૪૭માં ભારતને આઝાદી મળી. આઝાદી બાદ રાજાઓના વહિવટદાર તરીકે અહીં મામલતદાર-કમ-રાજા દફતરના દિવાન ફરજ બજાવતા. આ અધિકારી રાજાઓના વાલી તથા સંરક્ષક ગણાતા. તેમના નાણાંકિય વ્યવહારો પણ આ જ અધિકારી મારફત થતા. સને ૨૦૨૩ના ડાંગ દરબાર સાથે ડાંગના પાંચ રાજવીશ્રીઓ (૧) શ્રી કિરણસિંહ યશવંતસિંહ (ગાઢવી રાજ) ને વાર્ષિક રૂા.૨,૩૨,૬૫૦/-, (૨) શ્રી છત્રસિંગ ભવરસિંગ (આમાલા રાજ) ને વાર્ષિક રૂા.૧,૭૫,૬૬૬/-, (૩) શ્રી ધનરાજસિંહ ચંદ્રસિંહ સૂર્યવંશી (વાસુર્ણા રાજ) ને રૂા.૧,૪૭,૫૫૩/-, (૪) શ્રી તપતરાવ આનંદરાવ પવાર (દહેર રાજ) ને રૂા.૧,૫૮,૩૮૬/- તથા (૫) શ્રી ત્રિકમરાવ સાહેબરાવ (પીપરી રાજ) ને રૂા.૧,૯૧,૨૪૬/- સહિત નવ નાયકો અને ૪૪૩ ભાઉબંધોને કુલ વાર્ષિક રૂા.૬૩,૩૪,૦૭૩ મળી, કુલ રૂપિયા ૭૨ લાખ, ૩૯ હજાર, ૫૭૪નું પોલિટિકલ પેન્શન એનાયત થઈ રહ્યું છે.

અંકલેશ્વરની શ્રવણ વિદ્યાભવન શાળામાં રમતોત્સવ ની ઉજવણી

શ્રવણ વિદ્યાભવન અંકલેશ્વર ખાતે રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો.

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

બાળકના જીવનમાં અભ્યાસની સાથે રમતનું પણ વિશેષ મહત્વ હોય છે. દરેક બાળક સાથે રમત બાળપણથી જોડાયેલી હોય છે. બાળકોમાં રમત કૌશલ્યોનો વિકાસ તેમજ ખેલદિલી ની ભાવના વિકસે તે હેતુસર શ્રવણ વિદ્યાભવન આંકણમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. શાળામાં રમતોત્સવ ના મુખ્ય મહેમાન તરીકે ભરૂચ જિલ્લા રમતગમત કન્વીનર વિનય. જે. પટેલ તેમજ અતિથિ વિશેષ તરીકે ભરૂચ જિલ્લા યોગ એસોસિએશન પ્રમુખ રવિ કુમાર. ટી .ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. તેઓશ્રીએ પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થી રમત ગમત ક્ષેત્રે આગળ વધી હંમેશા પ્રગતિ કરતા રહે અને આ જ રીતે પોતાનો ઉત્સાહ દર્શાવે તેવા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. શાળાના પ્રમુખ કિશોરભાઈ સુરતી તેમજ મંત્રી કિરણભાઈ મોદી તેમજ શાળાના આચાર્ય દિપીકાબેન

મોદી રમતવીરોના ઉત્સાહને વધાવી રમતગમત ક્ષેત્રે આગળ વધવાની પ્રેરણા આપી અને અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે શાળાના પી.ઈ શિક્ષક યોગેન્દ્રસિંહ ખરચીયા અને કલ્પનાબેન પટેલે વિદ્યાર્થીઓને વિવિધ રસપ્રદ રમત રમાડી રમતોત્સવ ને સફળ બનાવ્યો.

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અમદાવાદ ખાતે ડેકટર બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટી અને મેઘનિર્ઘોષના સંયુકત ઉપક્રમે 'વીર સાવરકર - ભારતના મહાનાયક' વિષય પર આયોજિત સેમિનારમાં પ્રેરક ઉપસ્થિતિ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લેખક રસિક બા કેસરિયા દ્વારા લેખિત પુસ્તક 'મહાપરાક્રમી સ્વાતંત્યવીર સાવરકર'નું વિમોચન

- **આપણી યુવા પેઢી, આવનારી પેઢી સાવરકરને ભુલે નહીં, સાવરકરના ત્યાગ, બલિદાન અને વિચારોને જાણે-સમજે તે જોવાની આપણા સૌની જવાબદારી છે**
- **ભારતની સનાતન પરંપરાને માનનારા વીર સાવરકર અંગ્રેજ આકાંતાઓ સામે સશસ્ત્ર ક્રાંતિ કરવાના પ્રણેતા હતા**
- **વીર સાવરકરને યાદ કરવાના કારણો હજાર છે, પણ ભુલવાનું કારણ એક પણ નથી**

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે ડોકટર બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટી અને મેઘનિર્ઘોષના સંયુકત ઉપક્રમે 'વીર સાવરકર - ભારતના મહાનાયક' વિષય પર આયોજિત સેમિનારમાં જણાવ્યું હતું કે, વીર સાવરકર ભારતની સ્વાતંત્ય સંગ્રામના અનસંગ હિરો છે. આજે આવા જ વ્યક્તિત્વનું પૂણ્ય સ્મરણ કરવાનો આ અવસર આજની પેઢીનો અને આવનારી પેઢીઓનો રાષ્ટ્રહિત પ્રબળ કરશે. મુખ્યમંત્રી શ્રી એ વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રીએ વીર સાવરકરને 'અનેક વિશેષતાઓથી ભરેલું વ્યક્તિત્વ' પણ કહ્યું છે. વીર સાવરકરના જીવન કાર્યો વિશે જેટલું બોલીએ, વાંચીએ, લખીએ તેટલું ઓછું જ છે. આપણી યુવા પેઢી, શિબિરાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રિ ડો જગદીશ એચ પ્રજાપતિના માર્ગદર્શનમાં આયોજિત આ સાત દિવસીય શિબિરનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર પ્રા. રુદ્ર દવે અને પ્રા ડો રાજેશ મારુ કરીરહ્યા છે. શિબિરમાં સ્વયંસેવકો જોડાયા છે. શિબિરમાં સ્વયંસેવકો પ્રભાતફેરી, શ્રમ-સફાઈ, યોગ-પ્રાણાયામ- સૂર્યનમસ્કાર, સર્વરોગ નિદાન સારવાર કેમ્પ, બ્લડગ્રૂપ ચેકિંગ, નિઃશુલ્ક ચશ્માશિબિર, પ્રાકૃતિક ખેતી, ગાયત્રી દીપયજ્ઞ, સ્ત્રીસશક્તિકરણ, સાયબર ક્રાઈમ અવેરનેસ, વક્રીલ વંદના, વિવિધ સ્પર્ધાઓ, બાલતંદુરસ્તી, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે જન જાગૃતિના કાર્યક્રમો યોજાશે. ઉદ્ઘાટન કાર્યક્રમની ઉદ્ઘોષિકા તરીકે કોલેજની વિદ્યાર્થિની કુ.પિનલ સુથાર અને કુ. કાજલ દરજી જવાબદારી નિભાવી હતી. ઉપસ્થિત સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત પ્રિ ડો જગદીશ પ્રજાપતિએ કર્યું હતું. પ્રાથમિક શાળાના બાલકોએ પ્રાર્થના અને સ્વાગત ગીતનૃત્ય રજુ કર્યુ હતું. એન.એસ.એસ. પ્રોગ્રા ઓફિસર પ્રા. રુદ્ર દવેએ શિબિરનો હેતુ અને રૂપ રેખા આપી હતી. શ્રી નાગજીભાઈ ડી. રાજપૂત વિદ્યાર્થીઓને આહ્વાન કર્યું કે તેઓએ સેવાકાર્ય થકી જીવનમાં કઈક સારું કરવું જેથી દુનિયા યાદ કરે. શ્રી પાંચાભાઈ માળીએ પોતાના જીવનનાં અનુભવો વ્યકત કરી વિદ્યાર્થીઓને સામાજિક સમરસતા માટે અગ્રેસર થવા પ્રેરણા આપી હતી. પ્રા.ડો. રાજેશ મારુએ આભારવિધિ કરી હતી. અંતે સૌએ રાષ્ટ્રગાન કર્યુ હતું.

સરકારી વિજ્ઞાાન કોલેજ, થરાદના NSS વિભાગ દ્વારા વાર્ષિક શિબિર

સ્વયંસેવકો સાત દિવસ જનજાગૃતિના કાર્યક્રમો યોજાશે



કમલમ્ ન્યુઝ,

હે ઉ ગુ યુનિ.પાટણના એનએસએસ વિભાગ પ્રેરિત અને થરાદની સરકારી વિજ્ઞાન કોલેજ આયોજિત યુવા જન જાગૃતિ શિબિરનો ઉદ્ઘાટન સમારોહ મલુપુર પ્રાથમિક શાળા તા.થરાદ મુકામે યોજાયો. આ પ્રસંગે નગર પાલિકાના ચીફ ઓફિસર શ્રી અને કેલવણીકાર પાંચાભાઈ માળીએ દીપ પ્રગટાવી શિબિરનું ઉદઘાટન કર્યું હતું. શ્રી સરસ્વતી વિદ્યાસંકુલ થરાદના ટ્રસ્ટી અને સામાજિક અગ્રણી શ્રી નાગજીભાઈ ડી. રાજપૂત તથા ભારત વિકાસ પરિષદ થરાદના પૂર્વ પ્રમુખ શ્રી નરસિંહભાઈ ચૌધરી(ભારત ગેસ) મુખ્ય મહેમાન તરીકે અને શ્રી શિવાભાઈ એમ. ખટાણા (આચાર્યશ્રી પા શાળા) અતિથિ તરીકે ઉપસ્થિત રહી

નર્મદા જિલ્લાના બાળકોમાં "શિસ્ત સર્વોપરી" : ૩૦૮ સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સનો જોશ "હાઈ સર"

એકતા અને અનુશાસનનું બીજુ નામ એટલે સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ

કમલમ્ ન્યુઝ,

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે નર્મદા જિલ્લા પોલીસ વિભાગ દ્વારા સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ (SPC) યોજના અંતર્ગત શાળાના બાળકોમાં એકતા અને અનુશાસનની ભાવના કેળવવાના ધ્યેયમંત્ર સાથે બે દિવસીય "સ્ટુડન્ટ પોલીસ કેમ્પ - SPC" કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજપીપલાની શ્રી નવદુર્ગા હાઈસ્કુલ, દેડીયાપાડાની સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ અને પ્રાથમિક શાળા નિવાલ્દા સહિત કુલ ૦૭ (સાત) શાળાના કુલ ૩૦૮ થી વધુ બાળકો આ કેમ્પમાં સહભાગી થયા હતા. શિસ્ત સર્વોપરી ની ભાવના કેળવવા સહિત કેમ્પમાં બાળકોને પર્યાવરણનું જતન અને મહત્વ, ટ્રાફિક અંગે જાગૃતત, સ્વચ્છતા અને આરોગ્ય લક્ષી પ્રાથમિક સમજ, નેતૃત્વના ગુણો વિકસાવવા સહિત પોલીસ વિભાગની સમાજ પ્રત્યેની જવાબદારીઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. પોલીસની જવાબદારી અને કામગીરીને મહેસુસ કરાવવા બાળકોને "ખાખી વર્દી"માં જ કસરત તથા પરેડ કરવવામાં આવી હતી. તદઉપરાંત



બાળકોએ કરી ખાખી વર્દીમાં પરેડ : સ્વચ્છતા, પર્યાવરણ જાળવણી, ગુડ-બેડ ટચની ભાવના કેળવવા સહિત બાળકોમાં સકારાત્મક ઉર્જાનું સિંચન કરવાના ઉમદા આશય સાથે સ્ટુડન્ટ પોલીસ કેમ્પ યોજાયો

અને કવિધ અવેરનેસ સેમિનારો થકી બાળકોમાં કાયદો, સુરક્ષા, ગુડ અને બેડ ટચની સમજ, લોકો પ્રત્યે સન્માનની ભાવના કેળવવા, બાળક સકારાત્મક અને ઉર્જાવાન બને તથા ભવિષ્યનો સારો નાગરિક બનીને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીઓ સુપેરે નિભાવી શકે તેવા હેતુથી આ કેમ્પ યોજાયો હતો. બાળકોને માનસિક અને શારીરિક મજબૂત બનાવવા માટે શી ટીમ દ્વારા ખુબ જ સાધારણ ઉદાહરણો સાથે સમજણ પુરી પાડવામાં આવી હતી. વધુમાં વન વિભાગના અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ બાળકોએ વૃક્ષારોપણ કર્યું હતું. ડી.વાય.એસ.પી. શ્રી પી.આર.પટેલ અને જી.એ.સરવૈયા સહિત થાણા અમલદારોના સંયુકત ઉપક્રમે યોજાયેલો આ કેમ્પ નર્મદા જિલ્લાને ભવિષ્યમાં એક સારા નાગરિકો પુરા પાડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેના નેતુત્વ અને માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગની કામગીરીની નોંધ લેવાઈ રહી છે. પોલીસ, પ્રજા સાથે મિત્રતાની ભાવના કેળવીને જિલ્લાને "ગુન્હા મુકત" બનાવવાના પ્રયાસો હાથ ધરાયા છે, પોલીસના પ્રયાસોને પ્રજાજનોનો આવકાર મળ્યો છે. વધુમાં પોલીસને ભવિષ્ય માં નાગરિકો તરફ થી સહકાર મળી રહે અને સંકલન જળવાય તે હેતુથી પોલીસ તંત્ર દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામા આવી રહી છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા સેવાધામ ખાતે પરિવાર મિલન નો કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

તા.૨૭/૦૨/૨૦૨૩ ના રોજ સાંજે આહવા સેવાધામ ખાતે પરિવાર મિલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ મા મુખ્ય વક્તા તરીકે શ્રી નંદલાલજી જોશીવિરિસ્ટ પ્રચારક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ઉપસ્થિત રહ્યા હતા. એમનુ સ્વાગત પુષ્પોથી કરવામા આવેલ,ત્યારબાદ પરિવાર વચ્ચે પ્રશ્નમંચ કાર્યક્રમ ભારતીય સંસ્કૃતિ ને અનુરૂપ થયો, ત્યારબાદ દીપ પ્રગટાવી ભારતમાતા નુ પુજન નો કાર્યક્રમ થયો, નવસારી જિલ્લાના જિલ્લા કાર્ય વાહક શ્રી દીપકભાઈ સેલાર દ્વારા પ્રારંભિક ઉદબોધન કરવામાં આવ્યું, ત્યારબાદ શ્રી નંદલાલજી જોશી પરિવારનું મહત્વ, ભારતીય સંસ્કૃતિ, પરિવાર વચ્ચે પ્રેમ, સંયુકત કુટુંબમાં બાળકોનો ઉછેર, ભારતીય સંસ્કૃતિ મા પરિવાર ઉછેર વિષે સારી સમજ આપી હતી. આ કાર્યક્રમ મા ૨૫૦ થી વધુ ભાઈઓ તથા બહેનો એ ભાગ લીધો હતો.આ કાર્યક્રમ ના અંતે પરિવાર માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સર્કિટ હાઉસ,ડેડીયાપાડા ખાતે 'બુથ સશક્તિકરણ અભિયાન'અંતર્ગત ડેડીયાપાડા મંડલની વર્કશોપ યોજાઈ.

કમલમ્ ન્યુઝ,

સર્કિટ હાઉસ,ડેડીયાપાડા ખાતે 'બુથ સશક્તિકરણ અભિયાન' અંતર્ગત ડેડીયાપાડા મંડલની વર્કશોપ યોજાઈ. જેમાં મજબૂત સંગઠનના આધાર બુથને મજબૂત બનાવવાની દિશામાં માર્ગદર્શન આપવામાં આવ્યું અને ચર્ચા વિચારણા થઈ. આ પ્રસંગે પૂર્વ મંત્રી મોતીભાઈ વસાવાજી,જિલ્લા મહામંત્રી નીલકુમાર રાવ, જિલ્લા ઉપપ્રમુખ શંકર ભાઈ વસાવાજી, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી હિતેશભાઈ વસાવાજી વિશેષ ઉપસ્થિતિમાં સાગબારા મંડલની વર્કશોપ યોજાઈ.જેમાં બુથની કાર્યક્ષમતામાં વધારો થાય એ સંદર્ભે કાર્યકર્તાઓને ઉત્તમ માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે જિલ્લા મંત્રી ચંદાબેન વસાવાજી,પ્રભારી કુલસિંગભાઈ વસાવાજી, મંડલના પ્રમુખ,મહામંત્રી, બુથ સશક્તિકરણ ટીમ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.

બુથને સશક્ત કરવા માટેના બુથ સશક્તિકરણ અભિયાન અંતર્ગત આજે ઉત્તર બુનિયાદી શાળા, દતવાડા ખાતે જિલ્લા મહામંત્રી નીલકુમાર રાવની અધ્યક્ષતામાં તથા જિલ્લા ઉપપ્રમુખ શંકરભાઈ વસાવાજી, જિલ્લા ઉપપ્રમુખ કિરણભાઈ વસાવાજી, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી હિતેશભાઈ વસાવાજીની વિશેષ ઉપસ્થિતિમાં સાગબારા મંડલની વર્કશોપ યોજાઈ.જેમાં બુથની કાર્યક્ષમતામાં વધારો થાય એ સંદર્ભે કાર્યકર્તાઓને ઉત્તમ માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે જિલ્લા મંત્રી ચંદાબેન વસાવાજી,પ્રભારી કુલસિંગભાઈ વસાવાજી, મંડલના પ્રમુખ,મહામંત્રી, બુથ સશક્તિકરણ ટીમ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.

કમલમ્ ન્યુઝ,

કેબિનેટ મંત્રી શ્રી ડાં.કુબેરભાઈ ડીંડોરજીનાં નિવાસસ્થાન ગાંધીનગર ખાતે ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ,"અનુસૂચિત જનજાતિ મોરચા" દ્વારા નવનિયુક્ત ધારાસભ્યોનો સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો.જેમાં ભારતીય જનતા પાર્ટીનાં ભવ્ય વિજય માં ૨૩ આદિવાસી બેઠકોમાંથી ૨૩ આદિવાસી બેઠકો ભવ્ય જીત મેળવી છે.જેમાં કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી શ્રી **Dr Kuber Dindor** , રાજ્યકક્ષાના મંત્રીશ્રી **Kuvarji Halpati** ,પૂર્વમંત્રીશ્રી **Ganpatsinh Vasava** ,પૂર્વ મંત્રી શ્રી **Naresh Patel** ,નવનિયુક્ત વિધાનસભા દંડક શ્રી વિજય ભાઈ પટેલ,નવનિયુક્ત ગુજરાત પ્રદેશ આદિવાસી મોરચા પ્રમુખ શ્રી અર્જુનભાઈ ચૌધરી અને નવનિયુક્ત પ્રદેશ આદિવાસી મોરચા મહામંત્રી શ્રી પીયૂષભાઈ પટેલ અને પ્રદેશ મહામંત્રી શ્રી **P. C. Baranda** (ધારાસભ્ય શ્રી ભિલોડા વિધાનસભા) અને પ્રદેશ હોદેદારો શ્રી, આદિવાસી ધારાસભ્યશ્રીઓ, તેમજ આદિવાસી મોરચાના હોદેદારોના સન્માન કાર્યક્રમ હાજર રહ્યા હતા.જેમાં અનુસૂચિત જનજાતિ મોરચો અમદાવાદ શહેર દ્વારા જનનાયક ભગવાન બિરસા મુંડા જી મૂર્તિ સપ્રેમ ભેટમાં આપવામાં આવી હતી. વર્તમાન સરકાર દ્વારા આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે થતા વિકાસના કામો અંગે ચર્ચા કરી.

NQAS (નેશનલ કવોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ) સર્ટિફિકેશન પ્રાપ્ત અમદાવાદનાં ૨૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સમાવિષ્ટ થયું રુદાતલ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર PHC

કમલમ્ ન્યુઝ,
અમદાવાદથી ૭૦ કિ.મી.ના અંતરે આવેલું દેત્રોજ તાલુકાનું રુદાતલ ગામ આજ કાલ ચર્ચામાં છે. આશરે પાંચેક હજારની વસ્તી ધરાવતા આ ગામનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેની ઉત્કૃષ્ટ આરોગ્ય સેવાઓના લીધે આસપાસના ગામોના આશરે ૨૮૦૦૦થી વધુ લોકો માટે પ્રાથમિક સારવારથી લઈને વિવિધ રોગોના નિદાન અને સારવાર, સગર્ભાવસ્થા, પ્રસૂતિ તેમજ પ્રસૂતિ બાદની તપાસ અને સારવાર, 24 x 7 પ્રસૂતિ સેવા, નવજાત શિશુ તેમજ બાળકોની માંદગીનું નિદાન અને સારવાર, મેડીકલીગલ સેવાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, અહીં સગર્ભા માતાને ધનુર વિરોધી રસી, બાળકોને બી.સી. જી., પેન્ટાવેલન્ટ,પોલીયો, ઓરી અને વિટામીન-એની રસીઓ જેવી રસીકરણ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. રુદાતલ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર PHC ખાતે સરકારની વિવિધ આરોગ્ય સંબંધિત યોજનાઓ જેવી કે, જનની સુરક્ષા યોજના, ચિરંજીવી યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પ્રધાનમંત્રી વય વંદન યોજના, બાળસખા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, જનની શિશુ સુરક્ષા યોજનાનો લાભ લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. વિવિધ પરિવાર આયોજન સેવાઓ (સ્ત્રી-પુરુષ નસબંધી સલાહ, નિરોધ, કોપર-ટી, ઓરલ પીલ્સ), રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોને લગતી સેવાઓ, તેમજ જાહેર આરોગ્યલક્ષી સેવાઓ સહિત ગ્રામજનોને આરોગ્યલક્ષી સામાન્ય તાલીમ અને આરોગ્ય શિક્ષણ સહિત સલાહ સૂચનો પૂરા પાડવામાં આવે છે. રુદાતલ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર PHC ખાતે આયુષ મેડિકલ ઓફિસર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર, લેબ ટેકનીશિયન, નર્સ, ફાર્માસિસ્ટ, ફિમેલ હેલ્થ વર્કર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, આશાબહેનો સહિત વહીવટી સ્ટાફ કાર્યરત છે.

સરકાર દ્વારા તેમની સંસ્થાને જરૂરિયાત અનુસારના તમામ સંસાધનો સમયસર પૂરા પાડવામાં આવે છે. જેના લીધે વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ અને આરોગ્ય સેવાઓનો લાભ પ્રજાને ઉપલબ્ધ કરાવવામાં તેમની ટીમને સફળતા મળી છે અને તેના ભાગરૂપે જ આજે તેઓ **NQAS** (નેશનલ કવોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ) સર્ટિફિકેશન પ્રાપ્ત કરી શક્યા છે. આરોગ્ય સેવાઓની સાથે સાથે રુદાતલ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર **PHC** દ્વારા વાહકજન્ય રોગોની કામગીરી અંતર્ગત ડ્રાય ડેની ઉજવણી, પોરાનિદર્શન અને એબેટ કામગીરી, યોગા, કલોરીનેશન ચકાસણી, વૃક્ષારોપણ, ફિશોરી સલાહ કેન્દ્ર, બ્લડ ડોનેશન કેમ્પ, આશા પ્રોત્સાહન કાર્યક્રમ, બાંધકામ સાઈટ અને ઔદ્યોગિક સાઈટ મુલાકાત, ખાનગી તબીબની મુલાકાત, મચ્છર દાની વિતરણ, મચ્છર દાનીને દવા યુક્ત કર વાની સબ સેન્ટર પર ટ્રેનિંગ, ફિલ્ડ સ્તરે મચ્છર દાની દવાયુક્ત કરાવવી, વાહકજન્ય રોગો અંગે સઘન સર્વે કામગીરી અને સુપરવિઝન, સેટ્રોમેક્સ અને રિપ્યુ મીટીંગ, સરપંચ અને ગામના અગ્રણીઓ સાથે મુલાકાત તથા તેમની ફરજો, સહકાર અને યોગદાન અંગે ચર્ચા, તાવના દર્દીની પ્રાથમિક તપાસ અને સારવાર, સોશ્યલ મીડિયા અને ફિલ્ડ સ્તરે પ્રચાર સહિતની કામગીરી કરવામાં આવે છે.

સરકાર દ્વારા તેમની સંસ્થાને જરૂરિયાત અનુસારના તમામ સંસાધનો સમયસર પૂરા પાડવામાં આવે છે. જેના લીધે વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ અને આરોગ્ય સેવાઓનો લાભ પ્રજાને ઉપલબ્ધ કરાવવામાં તેમની ટીમને સફળતા મળી છે અને તેના ભાગરૂપે જ આજે તેઓ **NQAS** (નેશનલ કવોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ) સર્ટિફિકેશન પ્રાપ્ત કરી શક્યા છે. આરોગ્ય સેવાઓની સાથે સાથે રુદાતલ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર **PHC** દ્વારા વાહકજન્ય રોગોની કામગીરી અંતર્ગત ડ્રાય ડેની ઉજવણી, પોરાનિદર્શન અને એબેટ કામગીરી, યોગા, કલોરીનેશન ચકાસણી, વૃક્ષારોપણ, ફિશોરી સલાહ કેન્દ્ર, બ્લડ ડોનેશન કેમ્પ, આશા પ્રોત્સાહન કાર્યક્રમ, બાંધકામ સાઈટ અને ઔદ્યોગિક સાઈટ મુલાકાત, ખાનગી તબીબની મુલાકાત, મચ્છર દાની વિતરણ, મચ્છર દાનીને દવા યુક્ત કર વાની સબ સેન્ટર પર ટ્રેનિંગ, ફિલ્ડ સ્તરે મચ્છર દાની દવાયુક્ત કરાવવી, વાહકજન્ય રોગો અંગે સઘન સર્વે કામગીરી અને સુપરવિઝન, સેટ્રોમેક્સ અને રિપ્યુ મીટીંગ, સરપંચ અને ગામના અગ્રણીઓ સાથે મુલાકાત તથા તેમની ફરજો, સહકાર અને યોગદાન અંગે ચર્ચા, તાવના દર્દીની પ્રાથમિક તપાસ અને સારવાર, સોશ્યલ મીડિયા અને ફિલ્ડ સ્તરે પ્રચાર સહિતની કામગીરી કરવામાં આવે છે.

કમલમ્ ન્યુઝ,

યક્ષ ખાતે જ્યોત કરમ ફાઉન્ડેશન ટ્રસ્ટ આયોજિત દસમો સમુહ લગ્ન મહોત્સવ "કન્યાવજ્ય યજ્ઞ" મહેશ્વરી સમાજ દ્વારા સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું જેમાં ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રીશ્રી વિનોદ ભાઈ ચાવડા જિલ્લા ભાજપના પ્રમુખ અને ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી પ્રધ્યુમનસિંહ જાડેજા,ધારાસભ્ય શ્રી અનિરુદ્ધભાઈ દવે, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કેશવજીભાઈ રોશીયા, તાલુકા પંચાયતના પ્રમુખ જયસુખભાઈ પટેલ,પુર્વ ધારાસભ્યશ્રી રમેશભાઈ મહેશ્વરી, જિલ્લા પંચાયતના સદસ્યશ્રી પુરૂષોતમભાઈ મારવાડા, વિરોધ પક્ષના નેતા રાજુભાઈ સરદાર, તાલુકા પંચાયતના સદસ્ય જયદેવસિંહ જાડેજા સહિત અનેક જિલ્લા અને તાલુકાના રાજકીય સામાજિક આગેવાનો દાતાઓ તેમજ વડીલો, યુવાનો, મહિલાઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા

અમદાવાદની એક સ્કુલની લેબમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવાય છે 'ડ્રોન અને સેટેલાઈટ'

કેન્દ્રીય વિદ્યાલય સાબરમતી સ્કૂલમાં 'સાયન્સ સમર કેમ્પ'નું આયોજન કરાશે

કમલમ્ ન્યુઝ,

આપણે સૌ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી દર વર્ષે ઉમંગ અને ઉલ્લાસથી કરતા હોઈએ છીએ, એવા જ ઉમંગ અને ઉલ્લાસથી અમદાવાદ સ્થિત કેન્દ્રીય વિદ્યાલય સાબરમતી સ્કૂલના પ્રાઈમરી અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાન દિવસની ઉજવણીના સંદર્ભે ડ્રોન અને સેટેલાઈટનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં કેન્દ્રીય વિદ્યાલય શાળાના આચાર્ય અવિજીત પાંડા જણાવે છે કે, વિદ્યાર્થીઓ દ્વારા અમારી શાળામાં અવનવા સંશોધન કરીને ડ્રોન અને સેટેલાઈટના સ્પેરપાર્ટ ડિઝાઈન કરવામાં આવ્યા છે. જેમાં તેઓએ ડ્રોન બનાવવા માટે ફાઈબરનો ઉપયોગ કર્યો છે. સાથેજ તેઓએ પ્રથમ ડ્રોન બનાવી તેને હવામાં ઉડાડી તેમની શાળાનું આકાશથી અવલોકન પણ કર્યું હતું. આ સાથેજ શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા ઈસરોની મદદથી 'સેટેલાઈટ ટ્રેનિંગ પ્રોજેક્ટ' અંતર્ગત અત્યાધુનિક સેટેલાઈટ ડેમોસ્ટ્રેશનનું પણ નિર્માણ કરવામાં આવ્યું હતું. જેમાં અવનવી આધુનિક બાબતોનો જેવી કે ઓટોમેટીક સેન્સર, આસપાસનું તાપમાન, અને દિશા સૂચકતા જેવી અત્યાધુનિક બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. આ અંગે વિદ્યાર્થીઓને તાલીમ વિદ્યાલયના અધ્યાપક પ્રિયકાન્ત તરપરા દ્વારા અને સાથે સાથે આચાર્ય દ્વારા આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓના વિજ્ઞાન પ્રત્યેના ઉત્સાહ થકી કેન્દ્રીય વિદ્યાલય સાબરમતી સ્કૂલના અન્ય વિદ્યાર્થીઓ પણ આ રીતની કામગીરી કરવા માટે પ્રેરાયા છે. ભારત સરકાર દ્વારા હમણાં જ યોજાયેલા વડાપ્રધાનશ્રીના 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં કેન્દ્રીય વિદ્યાલય સાબરમતી શાળાના વિદ્યાર્થીઓએ સેટેલાઈટનું સ્ટાર્ટઅપનું લાઈવ ડેમોસ્ટ્રેશન ઊભું કર્યું હતું.કેન્દ્રીય વિદ્યાલય સાબરમતી સ્કૂલના વિદ્યાર્થીઓમાં માટે આ વર્ષે સ્કૂલ તરફથી સાયન્સ સમર કેમ્પનું આયોજન પણ કરવામાં આવશે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ વધુ પ્રમાણમાં પોતાની ભાગીદારી નોંધાવશે અને દેશમાં વિજ્ઞાનના ક્ષેત્રે નવી ઓળખ ઊભી કરવા પ્રયત્ન કરશે તેમ અનુભવાય છે.

પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજરે વ્યારા રેલ્વે સ્ટેશનની મુલાકાત લીધી.

બારડોલી સાંસદ પ્રભુ વસાવાએ સ્થાનિકોના વિવિધ પ્રશ્નો બાબતે ચર્ચા કરી તાકીદે નિવેડો લાવવા અનુરોધ કર્યો

કમલમ્ ન્યુઝ,સમીર શાહ

તાપી જીલ્લાના વડામથક વ્યારાના રેલ્વે સ્ટેશન ખાતે પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર સહિતની ટીમે સોમવારે મુલાકાત લીધી હતી. વ્યારા રેલ્વે સ્ટેશને યોજાયેલી બેઠકમાં બારડોલી લોકસભા બેઠકના સાંસદ પ્રભુ વસાવાએ રેલ્વેના અધિકારીઓ સાથે સ્થાનિકોના વિવિધ પ્રશ્નો અને માંગણીઓ બાબતે ચર્ચા કરી તાકીદે નિવેડો લાવવા અનુરોધ કર્યો હતો. તાપી જીલ્લાના વડામથક વ્યારાના રેલ્વે સ્ટેશનના પશ્ચિમ રેલ્વેના જનરલમેનેજરસહિતનાઅધિકારીઓએ મુલાકાત લીધી હતી. સોમવારે આ મુલાકાતલેવાએબેબારડોલી લોકસભા બેઠકના સાંસદ પ્રભુ વસાવા તથા રેલ્વે સલાહકાર સમિતિના સભ્યોએ સ્થાનિકોના વિવિધ પ્રશ્નો અંગે રેલ્વેના સત્તાધીશોને રજુઆતો કરી હતી. આ બેઠકમાં સાંસદ પ્રભુ વસાવાએ તાપી જીલ્લા બન્યા બાદ થઈ રહેલા વિકાસના કારણે સમગ્ર રાજ્ય ની સાથે તાપી જીલ્લા પણ હરણફાળ ભરી રહ્યો છે. તાપી જીલ્લા ખાતે આવેલા વિવિધ ઉદ્યોગગૃહો અને અન્ય રીતે જોઈએ તો વિવિધ રાજ્યના લોકો તાપી જીલ્લામાં હાલ વસવાટ કરી રહ્યા છે જેઓનો મુખ્ય પ્રશ્ન એટલે વ્યારાથી અરજેવર કરતી વિવિધ ટ્રેનોનું સ્ટોપેજ તાપી જીલ્લાના લોકોએ હાલ ઘણીબધી એવી ટ્રેનો છે જે તાપી જીલ્લામાંથી પસાર થાય છે. પરંતુ ક્યાંય ઉભી રહેતી નથી જેના કારણે સ્થાનિકોએ છેક સુરત સુધી લાંબા થવું પડે છે માટે વ્યારાથી પસાર થતી અને વિવિધ રાજ્યો માં અવર-જવર કરતી ટ્રેનોને જીલ્લાના વડામથક ખાતે શક્ય એટલું વહેલી તકે મોટાભાગ ની તમામ ટ્રેનોને સ્ટોપેજ અપાય તેના પર ખાસ ભાર મુકયો હતો. આ સિવાય બારડોલી અને સોનગઢ ખાતે પણ આ ટ્રેનોને સ્ટોપેજ અપાય તેમ જણાવ્યું હતું. આ સિવાય લોટરવા રેલ્વે સ્ટેશનને કાર્યરત કરાય તેમજ ટ્રક નંબર-૧૭ દસ્તાન રેલ્વે ઓવરબ્રિજ વહેલી તકે કાર્યરત કરાય એ રજુઆત કરી હતી. આ સિવાય વ્યારા રેલ્વે સ્ટેશનને ડેવલોપ કરી. સુવિધા સભર બનાવાય તેમ જણાવાયું હતું. આ પ્રસંગે પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર અશોક મિશ્રાએ મિડિયાને જણાવ્યું હતું કે આજે ઉધના-નંદુરબારનું ટેકનીકલ નિરિક્ષણ કરવાનું હતું અને વ્યારા રેલ્વે સ્ટેશનની મુલાકાત કરી હતી. જ્યાં અમોને જીલ્લાના વડામથક વ્યારા સહિત સોનગઢ અને બારડોલી ખાતે ટ્રેનોના સ્ટોપેજ અંગે રજુઆત કરવામાં આવી છે જેની પ્રપોઝલ બનાવી અમો રેલ્વે બોર્ડને મોકલીને બંને એટલી વહેલી તકે માંગણીઓ પૂરી કરવા માટે પ્રયત્ન શીલ છીએ. આ પ્રસંગે વ્યારા રેલ્વે સ્ટેશન સુપ્રિટેન્ડન્ટ મેનેજર સાહુ, રેલ્વે એડવાઈઝરી કમિટિના સભ્યો અલ્પેશ દવે, વિનોદકુમાર મિશ્રા, રાજન ચૌધરી, ભાવેશ પટેલ, રાજકીય આગેવાન રાજેન્દ્ર સિંહ કુંવર તેમજ વ્યારા પાલિકા આરોગ્ય ચેરમેન અલ્પેશ પટેલ સહિતનાએ ઉપસ્થિત રહી પોતાની રજુઆતો કરી હતી.

ફિનકેર સ્મોલ ફાઇનાન્સ બેંક દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો.

કમલમ્ ન્યુઝ,

ફિન કેર સ્મોલ ફાઇનાન્સ દ્વારા સામાજિક જવાબદારી ના ભાગ રૂપે ગાંધીનગર જિલ્લાના દહેગામ શાખાના સનોરડા ગામમાં નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ૭૦ થી વધુ નાગરિકો ની આરોગ્ય તપાસ કરી તેમને જરૂરી દવાઓનુ નિઃ શુલ્ક વિતરણ કરવામાં આવ્યું. તેમજ વધુમાં એનીમિયા અવરનેસ કાર્યક્રમ અંતર્ગત લોકોનો એનીમિયા ટેસ્ટ કરી તેમને એનીમિયા રોગ ની જરૂરી દવાઓનુ પણ નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. તેમજ સી. એસ. ઓર મેનેજર રાહુલ પ્રજાપતિ હેલ્થ ચેકઅપ કેમ્પ માં ઉપસ્થિત રહ્યા હતા

અંકલેશ્વર ગુંજ સોશ્યલ ગ્રુપ આયોજિત સાતમા સમૂહ લગ્ન મહોત્સવ માં દીકરી ઓને પાનેતર વિતરણ કરાયું

ગુમા ફાર્મ હાઉસ ખાતે યોજવામાં આવેલ કાર્યક્રમ માં ૫૧ દીકરીઓ અને પાનેતર તેમજ કંકોત્રી આપવા આવી હતી. બંને પક્ષે કંકોત્રી નું વિતરણ કરી જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર ગુંજ સોશ્યલ ગ્રુપ આયોજિત સાતમાં સમૂહ લગ્ન મહોત્સવ માં દીકરી ઓને પાનેતર વિતરણ કરાયું હતું ગુમા ફાર્મ હાઉસ ખાતે યોજવામાં આવેલ કાર્યક્રમ માં ૫૧ દીકરીઓ અને પાનેતર તેમજ કંકોત્રી આપવા આવી હતી. બંને પક્ષે કંકોત્રી નું વિતરણ કરી જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. અંકલેશ્વર ખાતે કાર્યરત ગુંજ સોશ્યલ ગ્રુપ દ્વારા સમાજ માં ગરીબ ,મધ્યમવર્ગીય પરિવાર ની દીકરીઓ માટે સમૂહ લગ્ન મહોત્સવ નું આયોજન છેલ્લા ૮ વર્ષ થી કરવામાં આવી રહ્યું છે. ખાસ કરી માતા-પિતા કે પછી બંને માંથી કોઈ પણ હયાત ના હોય એવી દીકરી ના લગ્ન ને પ્રાધાન્ય આપી કરવામાં આવતા આ આયોજન માં ચાલુ વર્ષે પણ ૫૧ દીકરી પ્રભુતામાં પગલાં પાડશે. ચાલુ વર્ષે લગ્ન સ્થળ જૂની દીવી સ્થિત ગુમા ફાર્મ ખાતે કરવામાં આવ્યું છે. જ્યાં આગામી ૧૦ મી માર્ચ ના રોજ લગ્ન પ્રસંગ હજારો લોકો ની હાજરી માં વડીલો-સમાજ ના મોભીઓ અને સંતો મહંતો ની હાજરી માં યોજવામાં આવશે. જે પ્રસંગ અનુરૂપ આજરોજ ફાર્મ હાઉસ ખાતે દીકરીઓને પાનેતર વિતરણ અને વર અને કન્યા પક્ષ ને કંકોત્રી વિતરણ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્યાં લગ્ન માં પ્રભુતા માં પગલાં પાડનાર ૫૧ દીકરીઓ અને વર પક્ષના સ્વજનો હાજર રહ્યા હતા જ્યાં ઉપસ્થિત મહાનુભાવો ના હસ્તે તેમને પાનેતર અને કંકોત્રી પણ આપવામાં આવી હતી તો કમિટી દ્વારા જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ સુધીર ભાઈ ગુમા, પ્રોજેક્ટ ચેરમેન ધર્મેશ ચાવડા, ગણેશભાઈ અગ્રવાલ અને સંદીપભાઈ જમિયત ભાઈ પટેલ તેમજ સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા

અરવલ્લી જિલ્લા સહકારી સંઘની ચુંટણીમાં અધ્યક્ષ તરીકે પ્રભુદાસ પટેલની વરણી

કમલમ્ ન્યુઝ, ધાર્મિક ભટ્ટ અરવલ્લી

અરવલ્લી જિલ્લા સહકારી સંઘની ચુંટણી યોજાઈ હતી જે માં સહકારી ક્ષેત્રે નામના ધરાવતા આગેવાન એવા પ્રભુદાસભાઈ.પી.પટેલ ની અધ્યક્ષ તરીકે ફરી એકવાર બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા. તથા ઉપાધ્યક્ષ તરીકે ભારતીય જનતા પાર્ટીના અરવલ્લી જિલ્લાના મહામંત્રી અને સહકારી આગેવાન ભીખાજી ડી. ડામોરની બિનહરીફ વરણી થવા બદલ આગેવાનો દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

તાપી જિલ્લામાં પ્રધાનમંત્રી કિશાન સમ્માન નિધી યોજનાના ૯૭,૧૬૦ ખેડૂતકુટુંબોના ખાતામાં ૧૩માં હપ્તાના સ્વરૂપે ૧૯.૪૩ કરોડ જમાકરાયા

સાંસદશ્રી પ્રભુભાઇ વસાવાના અધ્યક્ષસ્થાને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પ્રધાનમંત્રી કિશાન સમ્માન નિધીનો કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,સમીર શાહ

કૃષ્ણટિકના બેલગાવી ખાતે આજ રોજ સીધા લાભ ટ્રાન્સફર દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ(**PM-KISAN**) હેઠળ ૮ કરોડથી વધુ લાભાર્થી ખેડૂતોને ૧૬,૮૦૦ કરોડની સીધી સહાય કરવામાં આવી છે. તાપી જિલ્લામાં ૯૭,૧૬૦ ખેડૂત કુટુંબોને કિશાન સમ્માનનિધિ યોજનાનો લાભ મેળવી રહ્યા છે. આજદિને તાપી જિલ્લાના પ્રધાનમંત્રી કિશાન સમ્માન નિધી યોજનાના લાભાર્થીઓના ખાતામા ૧૩માં હપ્તાના સ્વરૂપે ૧૯.૪૩ કરોડ જમા કરવામાં આવ્યા છે. તાપી જિલ્લામાં આ કાર્યક્રમ અંતર્ગત સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સાંસદશ્રીએ તમામ ખેડૂતોને અભિનંદન પાઠવતા તારણહાર છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ દ્વારા લેવામાં આવેલ સંકલ્પ "આત્મનિર્ભર ભારત" બનાવવા આપણે સૌ યોગદાન આપીએ એમ ઉમેરી પ્રાકૃતિક ખેતી અપનાવવા આગ્રહ કર્યો હતો. તેમણે બાગાયત વિભાગ અને ખેતીવાડી વિભાગ સહિત આત્મા પ્રોજેક્ટ અંગેની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. અંતે તેમણે તમામ ખેડૂતોને કિશાન સમ્માન નિધી યોજના અંતર્ગત ૧૩માં હપ્તા મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વડા ડો. સી. ડી. પંડ્યાએ બધાં મહેમાનોને આવકારી કાર્યક્રમની વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમમાં ખેતીવાડી અધિકારીશ્રી ચેતન ગરાસીયા, નાયબ બાગાયત અધિકારીશ્રી તુષાર ગામીત, આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટરશ્રી એ.કે.પટેલ સહિત ઉચ્ચ અધિકારીઓ, ગ્રામ સેવકો, પ્રગતિશિલ ખેડૂતો અને કેવીકેના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આહવા ખાતે યોજાયો મહિલા સશક્તિકરણ કાર્યક્રમ

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ડો.હેડગેવાર સ્મૃતિ સેવા સમિતિ-સુરત દ્વારા સંચાલિત સાવિત્રીબાઈ ફુલે મહિલા સશક્તિકરણ પ્રકલ્પ-ડાંગ દ્વારા મહિલા સન્માન કાર્યક્રમ યોજાઈ ગયો.ડાંગ જિલ્લાના ૪૦ ગામોમાં મહિલા સશક્તિકરણ અર્થે આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા, અને સ્વાવલંબન જેવા વિષયે કામ કરતા સંસ્થાના પ્રયાશોના પરિપાકરૂપે આયોજિત 'મહિલા સન્માન' કાર્યક્રમમાં જિલ્લાની ૧૪૩૫ જેટલી મહિલાઓએ ઉપસ્થિત રહી જાગૃતિના દર્શન કરાવ્યા હતા.આ કાર્યક્રમમાં ડાંગ જિલ્લાના વાસુર્ણા સ્થિત તેજસ્વિની સંસ્કૃતિ ધામના સુશ્રી હેતલ દીદી તથા ડાંગની રૂપેરી પડદાની કલાકાર મોનાલીસા પટેલે વિશેષ ઉપસ્થિત રહી, મહિલાઓને સ્વાવલંબી બનવાની પ્રેરણા આપી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે નેશનલ સાયન્સ ડે અવસરે સાયન્સ કાર્નિવલ-૨૦૨૩નો સાયન્સ સિટીમાં કરાવ્યો પ્રારંભ

આવનારી પેઢીને આગામી સમય માટેની ટેકનોલોજીથી સુસજ્જ કરવા ગુગલ જેવી વિશ્વખ્યાત કંપનીઓ સાથે મળીને પ્રયાસરત રહેવાની રાજ્ય સરકારની નેમ :-મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

રાજ્ય સરકારનો સાયન્સ ટેકનોલોજી વિભાગ અને ગુગલ સાથે મળીને આવનારા ૩ અઠવાડિયામાં ૧૦ હજાર લોકોને તાલીમ આપશે

- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના આગવા વિકાસ વિઝનથી નિર્માણ થયેલી સાયન્સ સિટી આજે વર્લ્ડક્લાસ સુવિધાયુકત સાયન્સ સિટી બની ગઇ છે
- નાના ગામડાના-છેવાડાના બાળકોને સાયન્સ સિટી જેવી જ્ઞાનસભર સુવિધા નજીકના સ્થળે પૂરી પાડવા જિલ્લા મથકોએ સાયન્સ સેન્ટર્સ ઊભા કરવા રાજ્ય સરકાર આગળ વધી રહી છે
- નોલેજ બેઇઝ્ડ સોસાયટીથી અદ્યતન જ્ઞાન-ટેકનોલોજીના વિકાસ માટે આ વર્ષના બજેટમાં સાયન્સ-ટેકનોલોજી વિભાગ માટે ૨૧૯૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આપણી આવનારી પેઢીને આગામી સમય માટેની ટેકનોલોજીથી સુસજ્જ કરવા ગુગલ જેવી ખ્યાતનામ કંપનીઓ સાથે મળીને પ્રયાસરત રહેવાની નેમ વ્યક્ત કરી છે. તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે આવનારા ૩ અઠવાડિયામાં રાજ્ય સરકારનો સાયન્સ ટેકનોલોજી વિભાગ અને ગુગલ સાથે મળીને ૧૦ હજાર જેટલા લોકોને સાયન્સ સિટીમાં તાલીમ આપશે. નેશનલ સાયન્સ-ડે અવસરે અમદાવાદ ના સાયન્સ સિટીમાં સાયન્સ કાર્નિવલ-૨૦૨૩નો મુખ્યમંત્રીશ્રીએ પ્રારંભ કરાવ્યો હતો. મુખ્ય મંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વિકાસના આગવા વિઝન અને વિશ્વકક્ષાની સુવિધાઓ ગુજરાતમાં નિર્માણ કરવાની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદૃષ્ટિ આ સાયન્સ સિટી દ્વારા આપણે જોઇ શકીએ છીએ. બાળકોને નાનપણથી જ વિજ્ઞાન ટેકનોલોજીમાં અભિરૂચિ કેળવવા તેમણે શરૂ કરાવેલી સાયન્સ સિટી આજે વર્લ્ડક્લાસ સાયન્સ સિટી બની ગઇ છે તેનો શ્રી ભૂપેન્દ્ર પટેલે ગૌરવ સહ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે સાયન્સ-ટેકનોલોજીમાં બાળકો, યુવાઓ રસ કેળવી શકે તે માટે વડાપ્રધાન શ્રીએ નવી શિક્ષણનીતિમાં આધુનિક અને સમયાનુકૂલ શિક્ષણને વેગ આપ્યો છે. એટલું જ નહિ, આ આખોય દશક તેમણે ટેકનોલોજીનો દશક-ટેકેડ બનાવ્યો છે. ગુજરાતની વર્તમાન સરકાર પણ આ જ પરંપરાને અનુસરીને જિલ્લામથકોએ સાયન્સ સેન્ટર્સ સ્થાપવાની દિશામાં આગળ વધી રહી છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું કે, ગામડાના અને છેવાડાના બાળકોને પણ નજીકના સ્થળે સાયન્સ સિટી જેવી વિજ્ઞાન નગરીની સુવિધા આપી આવનારા દિવસોમાં નોલેજ બેઇઝ્ડ સોસાયટી ઊભી કરવી છે. રાજ્ય સરકારે વિજ્ઞાન-ટેકનોલોજી માટે આ વર્ષના બજેટમાં ૨૧૯૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલી છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે હવેનો જમાનો સાયન્સ-ટેકનોલોજી, સ્પેસ સાયન્સ, આર્ટિફિશ્યલ ઇન્ટેલીજન્સનો છે. મુખ્ય મંત્રીશ્રીએ સાયન્સ કાર્નિવલ-૨૦૨૩ આકાશ દર્શનથી લઈને વિવિધ વર્કશોપ્સના માધ્યમથી બાળ વિદ્યાર્થીઓમાં સ્પિરિટ ઓફ ઇકવાયરીને પ્રોત્સાહન આપશે તેવી અપેક્ષા દર્શાવી હતી. આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી રાજ કુમારે જણાવ્યું કે, જેમના સંશોધનને ઉજવવા આપણે એકઠા થયા છીએ તેવા શ્રી સી.વી.રમને જ્યારે રમન થિયરીની શોધ કરી હતી તે વખતે ભારત ગુલામી હેઠળ હતું. વર્તમાન સમય જેવી સુવિધાઓના અભાવમાં પણ વિજ્ઞાન પ્રત્યેના શ્રી સી. વી. રમનના લગાવને કારણે તેઓ શ્રેષ્ઠ યોગદાન આપી શકયા. તેમણે કહ્યું કે દેશ આઝાદ થયા બાદ દરેક ક્ષેત્રમાં પ્રગતિ સાધી રહ્યો છે. ગુજરાત પણ વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં અગ્રેસર બને તેવો રાજ્ય સરકારનો લક્ષ્યાંક છે. સાયન્સની સાથોસાથ સ્પોર્ટસમાં પણ વિદ્યાર્થીઓનો રસ કેળવાય તે માટે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં દરેક જિલ્લામાં સાયન્સ સેન્ટર તથા સ્પોર્ટસ સંકુલ નિર્માણનો આ સરકારનો ધ્યેય છે. એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે ઇસરોના ડાયરેકટર શ્રી નિલેશ દેસાઈએ જણાવ્યું હતું કે, સાયન્સ કાર્નિવલ ૨૦૨૩ ખરાં અર્થમાં વિજ્ઞાનનો મહાઉત્સવ છે. રાજ્યની આવનારી પેઢીમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ કેળવાય તેમજ જ્ઞાન સાથે ગમ્મતના અભિગમ થકી વિદ્યાર્થીઓ અને સાયન્સ પ્રેમીઓને યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તે દિશામાં ગુજરાત સાયન્સ સિટી આવા અનેકવિધ રસપ્રદ કાર્યક્રમો યોજી રહી છે, તે ખરેખર પ્રશંસનીય બાબત છે. ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના સેક્રેટરી શ્રી વિજય નેહરાએ જણાવ્યું હતું કે, આજે સાયન્સ સિટી ખાતે 'સાયન્સ કાર્નિવલ ૨૦૨૩'ની નવતર શરૂઆત કરવામાં આવી રહી છે. આપણું રાજ્ય કૃષિ, પશુપાલન અને મેન્યુફેકચરિંગ જેવા અનેક ક્ષેત્રોમાં આગેલી હરોળમાં સ્થાન ધરાવે છે. જેના લીધે આજે રાજ્યમાં સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રે બહોળી પ્રગતિ અને વિકાસ થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૨ માં ૧૨ લાખ લોકોએ સાયન્સ સિટીની મુલાકાત લીધી છે. જ્યારે જાન્યુઆરી-૨૦૨૩ના એક જ મહિનામાં ૨ લાખ લોકોએ સાયન્સ સિટીની મુલાકાત લીધી છે, તે રાજ્યમાં વિજ્ઞાન પ્રત્યે વધી રહેલી જાગૃતિ અને હકારાત્મક અભિગમની સાબિતી આપે છે એમ તેમણે ઉમેર્યું હતું. આગામી દિવસોમાં સાયન્સ સિટી દ્વારા યોજાનાર જીઈર ક્રિએઝ માટે ૫ લાખ થી વધુ રજિસ્ટ્રેશન થયા છે, જ્યારે સાઉથ એશિયાનું સૌથી મોટું રોબોકેસ્ટ પણ અહીંયા યોજવાનું છે - જેમાં કરોડોના ઈનામો વિજેતાઓને એનાયત કરવામાં આવશે એમ પણ શ્રી નહેરાએ જણાવ્યું હતું. ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિકયુટિવ ડાયરેકટર જે.બી.વઢેરે સ્વાગત ઉદબોધન કર્યું હતું. સાયન્સ કાર્નિવલના પ્રારંભ પ્રસંગે અમદાવાદના મેયરશ્રી કિરીટભાઈ, ગુજકોસ્ટના એડવાઈઝર શ્રી નરોત્તમ સાહુ, વિવિધ શાળાઓના બાળકો-શિક્ષકો આમંત્રિતો અને વિજ્ઞાન-ટેકનોલોજી વિભાગના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પાંચ દિવસ માટે આયોજિત સાયન્સ કાર્નિવલ ૨૦૨૩માં એક્ઝિબીટર, પાર્ટીસિપન્ટ અને વોલેન્ટીયર એમ ૩ કેટેગરીમાં ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. સાયન્સ કાર્નિવલ દરમિયાન અહીં વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રના લોકો તથા વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવનાર છે.

ડીસા કોલેજના યજમાન પદે યોજાયું વેસ્ટઝોન યુનિવર્સિટી ક્રિકેટ બહેનોનું સિલેકશન

કમલમ્ ન્યુઝ,

ડીસા કોલેજમાં તાજેતરમાં વેસ્ટઝોન ક્રિકેટ ભાઈઓ માટેનો પસંદગી કેમ્પ યોજાયેલ એમ આજે પણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ બહેનોનું સિલેકશન ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ડીસાના યજમાન પદે ટી.સી.ડી ગ્રાઉન્ડ ખાતે તારીખ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ સવારે ૯:૦૦ કલાકે યોજાયેલ જેમાં , મહિલા કોલેજ ઊંઝા, ,ડીસાકોલેજ , , કોમર્સ પાટણ, પીજી ભવન પાટણ,આર્ટસ પાટણ, કાંટ કોલેજ, મોડાસા કોલેજ હિંમતનગર કોલેજ,આર્ટસ કોલજ પાલનપુર, સાયન્સ કોલેજ પાલનપુર વગેરેની વિવિધ કોલેજોના ૨૨ વિદ્યાર્થી બહેનોએ ભાગ લીધેલ. આ સિલેકશન માં યુનિવર્સિટીમાંથી ડો.કિરીટભાઈ પટેલ, ડો. અજિતભાઈ ઠાકોર,બિરેન ચૌધરી , ડો.આર. ડી ચૌધરી સિલેકશન કમિટીના મેમ્બરશ્રીઓ હાજર રહી ખેલાડીઓનું પરફોર્મન્સ તપાસી યુનિવર્સિટીની ટીમનું સિલેકશન કરેલ આ કેમ્પનું સુંદર અને સફળ આયોજન ડી.એન.પી. કોલેજ સ્પોર્ટસ ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ ડૉ. આર. ડી.ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.અને ટી.સી.ડી.ના કોચશ્રી વિપુલભાઈ આલે ખુબજ સહકાર આપેલ. બનાસકાંઠા મહિલા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ ડો.રાજુલબેન દેસાઈ,અને કોલેજના ટ્રસ્ટીશ્રીઓએ બહેનોને ઉચ્ચ પર્ફોર્મન્સ આપી યુનિવર્સિટીનું નામ રોશન કરવા ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ અને આયોજકોને અભિનંદન પાઠવેલ

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ પશ્ચિમ લોકસભાના આદરણીય સાંસદશ્રી ડો કિરીટભાઈ પી સોલંકી સાહેબના ધર્મ પત્ની અ.સૌ. મંજુલાબેન કિરીટકુમાર સોલંકીજી (મંજુબા) ની જન્મ જયંતિ નિમિત્તે મેન્ટલ હોસ્પિટલ, દિલ્હી દરવાજા ખાતે દર્દીઓને ભોજન કરાવ્યું.

કમલમ્ ન્યુઝ,

દિલ્હી ખાતે યોજાયેલ સ્ટેન્ડિંગ કમિટી ઓન પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ ની મિટિંગ માં સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા.

હિંમતનગરખાતેની જલારામવિદ્યા સંકુલ સ્વસ્તિક હાઈસ્કૂલમાંધોરણ દશ આનેબારના વિદ્યાર્થીઓ માટે વિદાય આને તેજસ્વી તારલાઓ નો સન્માન સમારોહ યોજાયો

કમલમ્ ન્યુઝ,

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ના જલારામ વિદ્યા સંકુલ સ્વસ્તિક હાઈસ્કૂલ હિંમતનગર ખાતે આજે ધોરણ દશના વિદ્યાર્થીઓને નો વિદાય આને તેજસ્વી તારલાઓ નો સત્કાર સમારંભ સંકુલના ઉપાસના ખંડમાં યોજાયો હતો. શાળાના આદ્યસ્થાપક ઈશ્વરભાઈ પટેલ કપીલાબેન પટેલ કાન્તીભાઈ પટેલ પ્રકાશભાઈ વૈધ તાલુકા પંચાયત ના સદસ્યા ઉપાબેન વૈધ શાળાના આચાર્ય શ્રી ગજેન્દ્ર ભાઈ તેમજ ગૌરવભાઈ. હસમુખભાઈ તેમજ સખાદાતા ઉપેન્દ્રભાઈ ન્યાયી વગેરે એ બાળકોને પ્રોત્સાહન આપવા દાનની જાહેરાત કરી હતી. આ પ્રસંગે કાર્યક્રમ ના પ્રમુખ સ્થાને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર ના સિલે. અશ્વિન મો પટેલે આજનું શિક્ષણ અને તેમાં સફળતા મેળવવા શું કરવું પરીક્ષા સમયે કેવી રીતે તૈયારી કરીને જવું પેપરોનુ લખાણ વંચાણ આને આત્મવિશ્વાસ થી આગળ વધવા માટેની શિખ બાળકો ને આપી હતી તેજસ્વી તારલાઓ ને સન્માનિત કરી ધન્યવાદ આપ્યા. હતા.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન અને આભારદર્શન ગૌરવભાઈ પટેલે કરાવ્યું હતું

બી.સી.એ. કોલેજ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વિસનગર ખાતે સાંકળચંદ દાદાની જન્મજયંતીની ઉજવણી

કમલમ્ ન્યુઝ,

જાહેરમાં બોલવુંએ શબ્દોને શક્તિ આપવા, જીવનને પ્રભાવિત કરવા, પ્રેરિત કરવા અને રૂપાંતરિત કરવાની કળા છે. આવા જ ઉદ્દેશ સાથે સાંકળચંદ પટેલ યુનિવર્સિટિ સંચાલિત શ્રી સી.જે. પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીસ (BCA) દ્વારા સાંકળચંદ દાદા ના જન્મ દિવસની ઉજવણીના ભાગ રૂપે "વિસનગર ના વિકાસમાં દાદા નો ફાળો "વિષય પર વકતૃત્વ સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધા અંતર્ગત વિદ્યાર્થીઓને સૌથી મોટા ભયનો સામનો કરવાની સારી તક આપી હતી જે પરિબળ એટલે કે સ્ટેજ ડર. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

આવી સ્પર્ધાઓ વિદ્યાર્થીઓને પ્રેક્ષકો સાથે જોડાવાની તક તો આપે જ છે સાથે સાથે વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ માં પણ વધારો કરે છે.

વિદ્યાર્થીઓ દ્વારા સાંકળચંદ દાદાનું વિસનગર માં શિક્ષણ , ખેતી—ખેડૂત, ગ્રામ્ય ક્ષેત્રે યોગદાન જેવા મુદ્દાઓ ખૂબ જ સારી રીતે રજૂ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર સ્પર્ધાનું આયોજન બી.સી.એ. કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ તથા ઈવેન્ટ કો ઓર્ડીનેટર પ્રો. યોગેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાને સફળ બનાવવા બી.સી.એ. ના સમગ્ર સ્ટાફએ ખૂબ જ મહેનત તથા સહયોગ આપ્યો હતો.

અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શહેર કક્ષા રમતોત્સવ

કમલમ્ ન્યુઝ,

તા. ૨૭-૦૨-૨૦૨૩ ના રોજ એસઆરપી ગુજરાતી શાળા નંબર ૦૨ ખાતે યોજાયેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ શહેર કક્ષા રમતોત્સવમાં પશ્ચિમ ઝોનની નવાવાજ ગુજરાતી શાળા નંબર. ૦૯ ના શિક્ષક અને વિદ્યાર્થીઓ એમ ૨૧ જણાએ કબડ્ડી,ગોળા ફેંક, ૧૦૦-૫૦ મીટર દોડ, સ્વિમિંગ, કેરમ વગેરે જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો, જેમાંથી ૬૦ થી ૭૦ ટકા ઈનામો એટલે કે ૨૧ માંથી ૧૮ જણા વિજેતા બની શિલ્ડ અને મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. ૫૦ મીટર દોડમાં આયુષી વિષ્ણુભાઈ ભરવાડ દ્વિતીય ક્રમે, ભાઈઓમાં ૧૦૦ મીટર દોડમા પ્રથમ ક્રમે બેટી રાકેશભાઈ ભાટ, કબડ્ડીમાં ભાઈઓ તથા બહેનો બંનેમાં દ્વિતીય ક્રમ તથા ગોળા ફેંકમાં પણ બેટી રાકેશભાઈ દ્વિતીય ક્રમ મેળવી વિજેતા થયેલા. પીટી શિક્ષક કોચ કમ રમતવીર એવા સનિષ્ઠ શિક્ષક શ્રી અનિલભાઈ પટેલે ખૂબ જ ટૂંકા ગાળામાં શાળાના વિદ્યાર્થીઓ સાથે ખૂબ મોટી ઉપલબ્ધિ હાંસલ કરી ૧૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમ તથા ગોળા ફેંકમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી શાળાનું છોગું લહેરાવ્યું છે. મનસુખભાઈ પ્રજાપતિ, રજનીકાંત પટેલનું યોગદાન ઉડીને આંખે વળગે એવું હતું, તેમજ શાળાના અન્ય શિક્ષકો ઉપાબેન, ચેતનાબેન, વિમળાબેન, વંદનાબેન, જીગીશાબેન, બેલાબેન,પૂજાબેન ક્રિષ્નાબેન, , ગીતાબેન, અમિતાબેન વગેરેએ પણ સારી એવી ભૂમિકા ભજવી હતી. સમગ્ર ઈવેન્ટમાં માટીવેટ કરી મોકળાશ પૂરી પાડનાર આચાર્યશ્રી ચારણદેવ રીનાબેનનો ફાળો અમૂલ્ય હતો. કેરમની સ્પર્ધામાં ભાગ લેનાર શિક્ષક એવા કવિ શ્રી પંકજ દરજી શિલ્પીનું ચિયર અપ પણ ભૂલી શકાય એમ ન હતું. સમગ્ર રમતોત્સવ મિશનમાં નવા વાડજ ગુજરાતી શાળા નંબર ૦૯ એ મજા સાથે શિલ્ડ અને મેડલો પણ મેળવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કાર્યક્રમ ના સુચારૂ આયોજન અર્થે જિલ્લા કલેક્ટર શ્રી કે.એસ. ગઢવીના અધ્યક્ષસ્થાને મળેલ બેઠક



કમલમ્ ન્યુઝ,બીના પટેલ

આણંદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી આણંદ દ્વારા આણંદ ટાઉનહોલ ખાતે આજે તા. ૧ લી માર્ચના રોજ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હંસાબેન પરમારના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના સુચારૂ આયોજન અર્થે જિલ્લા કલેક્ટર શ્રી ડી.એસ.ગઢવીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે બેઠક મળી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ મહિલાઓ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લે તેમજ ટિકરીઓ સશકત અને સુપોષિત થાય, ભણતર માં આગળ વધે અને ઉજ્જવળ ભવિષ્ય પ્રાપ્ત કરે તે માટે જાગૃતતા ફેલાવવા સંબંધિતોને અપીલ કરીને કાર્યક્રમના આયોજન અંગે જરૂરી સુચનો આપ્યા હતા. તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી કરજાના ખાને કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિલિંદ બાપના સહિત સબંધિત વિભાગના અધિકારી/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જોઈએ છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર

PRESS

"કમલમ દૈનિક"

સમગ્ર ગુજરાત માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

સમગ્ર ગુજરાતમાંજિલ્લા તેમજતાલુકા મથકે રિપોર્ટીંગ કરી શકે તેવા જિલ્લા ચીફ અને તાલુકા ચીફ તેમજ માનદ- રિપોર્ટરની નિમણુંક કરવાની છે.

રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

મહેશ પટેલ - Mo.: 98249 10606

• Printer/Publisher/Owner &Editor : Mahesh N. Patel. • Printed At.:-CaptialOffset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 • Published -At A-3,Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028